


## સલામી સવારની..

બની છે બેપરવા સરકાર કાયદા તોડે છે,
ઓળવી જાય પીએફને બધી મર્યાદા છોડે છે,
ફોડે છે ખૂદ મટકી, દંભ ને જુઠ્ઠા પ્રચારની -
તંત્રના ઘોડા પર 'સુપ્રીમ'ની ચાબૂકે દોડે છે...

હાઈકુ

'અનામત' નો
હાથે કરીને હણ્યો -
પણ કુહાડો...
('ગુજરાત' - પ્રયોગશાળા)

'નિવેદન'ના
કાળી નાગ ઉપર -
'દ્વારકાવાળા !'
(ધર્માચાર્યનાં રાજકીય નિવેદનો)

## ચિંતન

**તેજસામ્ હિ ન વયઃ સમીક્ષતે !**

તેજસ્વી માણસોના ઓજસની સમીક્ષા કરવામાં એમની ઉંમરને ગણતરીમાં લેવામાં આવતી નથી.

ગુજરાતીમાં કહેવત છે કે નાનો પણ રાઈનો દાણો, એ નાનકડાં દાણામાં રહેલી ઝણઝણાહટ આંખમાં પાણી લાવી દે એવી હોય છે. અગ્નિનો તણખો ભલે નાનો હોય પણ વિનાશકશક્તિથી ભરપૂર હોય છે. એક તણખો વિનાશક અગ્નિતાંડવ રચે છે.

એટલે સત્વ કે તેજસ્વીતા માપવાની બાબતમાં નાના-મોટાપણાના કે ઊંચનીચપણાના માપદંડ કામમાં આવતા નથી. નાગનો નાનો કણો પણ જોખમી હોય છે અને સિંહ-શિશુ પણ ખૂબ તાકાતવાન હોય છે. એટલે તેજસ્વી, બળવાન કે પ્રતાપી વ્યક્તિની વિભૂતિના માપનાં લેખાજોખાં એમની ઉંમરના પ્રમાણમાં કરવા નહિ.

તેજસ્વીતા - વિદ્વતાને નાની-મોટી વયથી કોઈ સંબંધ નથી. પૂર્વજન્મોનું જ્ઞાન હોય તો બાળક નાની વયમાં જ ગીતા મૂખપાઠ બોલે. વિદ્વતાભર્યા વ્યાખ્યાન પણ કરી શકે - વૃદ્ધ થવા છતાં ઘણાં વિદ્વાનને 'વિસ્મરણ' થતું નથી અનેક સંદર્ભો - મૂખપાઠ હોય છે. સંત ભદ્રાચાર્ય પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અનેક સંદર્ભ સાથે કથા કહે છે.

## સુવિચાર

- અન્યને હસ્તા નિહાળો, હસો અને સુખ પામો, પોતાના સુખ ને વિસ્તારી લો બધાને સુખી બનાવો - **એસ.ભટ્ટાચાર્ય**
- આશા જીવનની હોડીનું લંગર છે, જે દુર્ભાગ્યના આંધી તોફાનમાં જીવનને જકડી રાખે છે. જેમણે આશા છોડી દીધી તેઓ જ ડૂબી જાય છે અને નાશ પામે છે - **લુકમાન**
- જીવનમાં એકાગ્રતાથી નબળી વ્યક્તિ પણ બળવાન બની જાય છે અને શિક્ષણથી અભણ પણ વિદ્વાન. જે એકાગ્રતા રાખી ન શકે તેને કશું મળતું નથી - **ઈમર્સન**
- જેણે જોખમ ન લીધું, તેને ન વેપારમાં કઈ મળે છે ન જીવનમાં - **શેખ સાદી**
- પ્રયત્ન તો 'દેવતા' છે અને ભાગ્ય 'દૈત્ય' છે એટલે પ્રયત્ન દેવની ઉપાસના જ શ્રેયસ્કર છે - **રામદાસ**
- ગુણવાન વ્યક્તિઓને શત્રુઓના ગુણોથી પણ આનંદ પ્રાપ્ત થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : મૂળાના પાનનો રસ એક અઠવાડિયા સુધી લગાવવાથી ખીલ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

એક યુવાન ફકીર પાસે ગયો અને પૂછ્યું 'બાબા, 'સત્ય' કયાં અને કેવી રીતે મળે ?'

ફકીરે થોડો વિચાર કરી યુવાનને કહ્યું, ભાઈ! 'જયાં દુનિયા સમાપ્ત થાય છે ત્યાં સત્ય મળે...'

યુવાન કહે, બાબા આટલી લાંબી યાત્રા હું મારા જીવનમાં કેવી રીતે કરી શકીશ? અને દુનિયાનો છેડો કયાં - કઈ દિશામાં છે એ પણ મને ખબર નથી. તો સત્ય કયાં શોધું?

બેટા! પરમાત્માના ચરણ પાસે દુનિયા સમાપ્ત થાય છે. અને ત્યાં જ સત્યની પ્રાપ્તિ થાય છે.

યુવાન મુંઝાયો - બાબા, આ સત્ય અને પરમાત્મા મળી જાય એવો કોઈ ટૂંકો માર્ગ બતાવો ને?!

ફકીર કહે બેટા! શાંત ચિત્તે તું તારા અંતરમાં જ ખોજ ખર, ત્યાં સત્ય અને પરમાત્મા બંને મળી જશે...

યુવાન આનંદ સાથે 'ધ્યાન' કરવા લાગ્યો.

# કેન્દ્ર સામે ન્યાયપાલિકાનો પુણ્યપ્રકોપ

નૈનીતાલ હાઈકોર્ડને નાછૂટકે કડવું સત્ય કહેવું પડ્યું છે. રાષ્ટ્રપતિના નામે કેન્દ્ર સરકાર મન ફાવે તેવા નિર્ણયો લેતી રહે તો એની સામે અદાલત લાલ આંખ કરી શકે છે, તેની પ્રતીતિ નૈનીતાલ હાઈકોર્ટની ખંડપીઠ દ્વારા કરાયેલા નિરીક્ષણમાં સાંપડી છે. ઉત્તરાખંડમાં કોંગ્રેસની ચૂંટાયેલી સરકાર હતી. મુખ્યમંત્રી હરીશ રાવત સામે કેટલાક કોંગ્રેસીઓને જ અસંતોષ હતો. પૂર્વ મુખ્યમંત્રી વિજય બહુગુણાના જૂથે મંત્રીમંડળના વરિષ્ઠ સદસ્ય હરકસિંહ રાવતની આગેવાનીમાં રાજયપાલ સમક્ષ પહોંચી જઈ પોતાની જ પાર્ટીની સરકારમાં અવિશ્વાસ વ્યક્ત કરતાં પરિસ્થિતિ ગૂંચવાડાભરી બની હતી. દેખીતી રીતે આ પાર્ટીનો આંતરિક બળવો હતો, પરંતુ એ પૂરી તાકાત સાથે પ્રદર્શિત થઈ શકયો એનું કારણ કેન્દ્ર સરકારનું મજબૂત પીઠબળ હતું. હરીશ રાવતે એમના કહ્યાગરા સ્પીકરની મદદથી બળવાખોર કોંગ્રેસી ધારાસભ્યોનું સસ્પેન્શન હાંસલ કરી એમને શક્તિ પરીક્ષણ વખતે મતદાનથી વંચિત ભરીને રાષ્ટ્રપતિ શાસન લાદી દીધું હતું, જયારે કોંગ્રેસની જ દાદ માગતી અરજી પર અદાલતે પણ મુખ્યમંત્રીને એમની તાકાત પુરવાર કરવાની તક આપવાની તરફેણ કરી હતી. પરંતુ કલમ ૩૫૬ મુજબ સરકારને હટાવી દઈ રાજયપાલનું શાસન સ્થાપવાની રમત કરતાં ભાજપ અને નરેન્દ્ર મોદીની સરકારને વેળાસર નવી સરકારનું ગઠન કરી વધુ એક રાજયમાં ભાજપનું રાજ સ્થાપવામાં રસ હતો. પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતનો આક્ષેપ છે કે એમણે ઉત્તરાખંડમાં દારૂ વેચવા માટે સરકારી નિયમો અને પંચાયયોને જ પરવાનગી આપી હતી તે પૉલિસીમાં ફેરબદલી કરીને દારૂ ઉત્પાદકોને બધા જ અધિકારો આપી દઈ ધારાસભ્યોને સાચવવા માટે અઢળક નાણાંની રેલમછેલ કરી છે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી કૈલાશ વિજયવર્ગીય ગણતરીના દિવસોમાં ઉત્તરાખંડમાંથી રાજયપાલ શાસન હટાવી ભાજપની સરકાર રચાશે એવો દાવો કરી રહ્યાં છે. આ બાબતે જયારે દાદ માગતી અરજી કરવામાં આવી ત્યારે અદાલતની ખંડપીઠે કેન્દ્ર સરકારની ખોરી દાનત પારખી જઈ રીતસરનો ઊધડો જ લઈ લીધો. રાષ્ટ્રપતિના આદેશને કોર્ટમાં પડકારી ન શકાય કે અદાલતો રાષ્ટ્રપતિના આદેશની સમીક્ષા જ ન કરી શકે, એવી બંધારણીય જોગવાઈનો ગેરલાભ લેવા માગતી કેન્દ્ર સરકાર સામે નૈતીતાલ હાઈકોર્ટની ખંડપીઠ દ્વારા જે પુણ્યપ્રકોપ પ્રગટ થયો છે તે ભારતીય લોકશાહીમાં ન્યાયતંત્રનું સીમાચિહ્નરુપ નિરીક્ષણ ગણાશે.

## તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિ એ કોઈ રાજા નથી. એ પણ આખરે તો જનપ્રતિનિધિ જ છે. એ પણ ભૂલ કરી શકે છે. અને જો એમનો આદેશ ભૂલભરેલો હોય તો એની પણ સમીક્ષા થઈ શકે છે. બંધારણવિદ્ સુભાષ કાશ્યપનો અભિપ્રાય છે કે બંધારણીય જોગવાઈ મુજબ રાષ્ટ્રપતિના આદેશને કોર્ટમાં પડકારી શકાતો નથી, પરંતુ એમના આદેશ વિશેની પૂર્વ ભૂમિકાની જરુર ચકાસણી થઈ શકે છે. રાષ્ટ્રપતિને રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરતી વખતે જે માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી તેમાં કોઈ કચાશ રહી ગઈ હોય તો એની સમીક્ષા અદાલત જરુર કરી શકે. એક તરફ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ થોડાક જ દિવસ અગાઉ અદાલતોને 'પ્રો-એક્ટિવ' નહીં બનવાની સલાહ આપી હતી, ત્યારે નૈનીતાલ હાઈકોર્ટે કરેલું આ નિરીક્ષણ વિશેષ પ્રાસંગિક બની રહે છે. ન્યાયપાલિકા આંખે પાટા બાંધીને બેસી રહે અને એમને ફાવે તેમ વર્તવાની અનુકૂળતા કરી આપે એવી રાજકારણીઓની ખોરી દાનતનો આ જબબો સલાક પ્રતિસાદ છે.

# રક્તદાન કોણ કરી શકે? રક્તદાન કરવાથી વજન વધી જાય? રક્તદાન કરવાથી જંતુનો ચેપ લાગે?




સુરજબા પોતાની જાતને કહેતા હતા કે મારી ૯૦ વર્ષની ઉમરમાં ક્યારે ય કોઈ વાર પણ અમારા કુટુંબમાં કોઈને લોહી લેવું પડે એવુ થયું નથી. પહેલાના જમાનામાં તો લોહી આપવું અથવા તો લોહી લેવું એ ઘટનાને દુઃખજનક માનવામાં આવતી. સુરજબા એ કહ્યું કે - મારી બા કહેતા કે અમારા જમાનામાં તો કોઈ ને લોહી આપવું પડ્યું નથી છતાં પણ લોકો ૮૦ થી ૯૦ વરસ આરામથી જીવતા. સુરજબાના દીકરાની વહુ સુરજબા ને તાકી તાકી ને જોઈ રહી હતી અને સાંભળી રહી હતી. સુરજબાની વહુ શિવાનીથી ના રહેવાયું અને બાને પૂછ્યું, બા શું મનમાં ને મનમાં બોલો છો ને વિચારો છો? જરા અમને પણ કહો. બા જે વિચારતા હતા તે કહી દીધુ. શિવાની સાયન્સ ગ્રેજ્યુએટ હતી તેથી એને સુરજબા ને સમજાવા પ્રયત્ન કર્યો, બા પહેલાના જમાનામાં કોઈ લોહી આપતું નહિ ને લેતું પણ નહિ એ વાત સાચી છે પણ તમને ખબર છે લોહી ના મળવાથી હજારો લોકો વહેલા ભગવાનને ઘરે પહોંચી જતા. જેનો આકડો કોઈની પાસે નથી, ને જાણવાનો પ્રયત્ન કરતા જ નથી. જેમ કે પ્રસુતિ પછી લોહી બંધ ના થવાના કારણે કેટલી મહિલાઓ મોતના મુખમાં ધકેલાઈ ગઈ. ANEMIA (લોહીની ટકાવારી ઓછી હોવી)ના લીધે અસંખ્ય માણસો વધારે વહેલા મૃત્યુ પામ્યા છે. સુરજબા પહેલા લોહી આપવા માટેના કોઈ ખાસ નિયમો નહોતા કોઈ પણ લોહી તપાસવાની લેબમાં જે લોહીનું ગ્રુપ હોય તે કરાવી લોહીની બોટલ લઈ ગમે તે ડૉકટર પાસે દર્દીને લોહી ચડાવી દેતા, અને દર્દીના સગાં તૈયાર ના હોય તો લેબોરેટરી પાસેથી વેચાતું લોહી (પૈસા લઈને લોહી વેચતા લોકો પાસેથી) લોહી લેતા. સુરજબા... બોલો, પેલા અપણા સગાં મનોજભાઈ જેને ધંધાદારી લોહી ચડવાથી કમળો થયો હતો તેના હિસાબે જ મૃત્યુ થયું. અરે બા...આપણા ઘરની જ વાત છે પેલી કુંદન...

કોણ કુંદન? અરે બા તમે બી શું? આપાણા મામાના દીકરા પરાગભાઈની વહુ જેને પ્રસુતિમાં લોહી ચડાવ્યુ હતું ને તેમાં H.I.V. (એઈડ્સ - **AIDS**) થયો. જોકે એ વાત ને ૨૦ થી ૨૫ વરસ થયા. સુરજબા બોલ્યા અલી તને ક્યાંથી ખબર ત્યારે તો તું હતી જ નહિ. અરે...બા તમારા ત્રણ પેઢીની બધી જ વાત મને ખબર છે, તમેજ જ તો કહ્યું હતુ. શિવાની બોલી... માત્ર H.I.V. નહિ તપાસ કરયા વગરનું લોહી ચઢાવવાથી HbsAg, HCV, VDRL, મેલેરીયા જેવા રોગ થવાની સંભાવના પણ રહેલી છે. અલી શિવાની વળી આ બધુ શું છે? બા, આ બધા લોહી દ્વારા ફેલાતા રોગ છે જે H.I.V.ની જેમ જીવલેણ નથી પણ નુકશાનકારક છે.

તો હવે ના જમાનામાં આ બધી જ લોહીની તપાસ કરીને લોહી ચઢાંવે? હા સ્તો બા. હવે તો લોહીની બોટલ લેવા માટે ખાસ કરીને બ્લડ બેંક હોય છે. જેમાં તમારે જે ગ્રુપનું લોહી જોવે તે ટેસ્ટ કરેલું તૈયાર હોય. દર્દીના લોહી સાથે મેચ કરીને જ લોહી અને તેનો રિપોર્ટ સાથે આપવામાં આવે. અને ડોકટર આ બધા ચેપી રોગના જીવાનું ના હોય તો જ લોહી ચઢાવે.




આ માટે બ્લડ બેંક કે ગવર્મેન્ટ પાસેથી લાઈસન્સ પણ લેવું પડે છે. ઓહો... હવે આ તો જબરું કહેવાય? બા આતો કઈ નથી ગવર્મેન્ટ વાળા લોકો તો દર વરસે બધું તપાસવા પણ આવે ને જો કઈ બરાબર ના લાગે તો લાઈસન્સ પાછુ પણ લઈ લે. બા હવે ના જમાનામાં બધું જ અઘરૂ છે. પણ હા બા એ વાત સાચી છે કે આનાથી આવા રોગો ફેલાતા અટકે છે. બા બોલ્યા આના કરતા તો અમારી જેમ સાત્વિક ખોરાક ખાઈ સરળ જીવન જીવવું વધારે સારુ. સાચી વાત છે બા. હવેની તણાવવાળી લાઈફ, ખોટી દોડધામ અને ફાસ્ટફૂડના જમાનામાં જીવવું અઘરું થતું જાય છે. પણ જો જરૂર પડે તો સારી બ્લડ બેંકમાંથી ટેસ્ટ કરેલું લોહી લેવાથી લોહી ચડાવનારને કોઈ નુકશાન થતું નથી. પણ જરૂર હોય તો જ લોહી ચડાવવું જોઈએ.

સુરજબા બોલ્યા મને તો આ બધી વાતો બહુજ અઘરી લાગે છે. ના બા, આમાં કઈજ અઘરું નથી, આનાથી પણ વધારે હવે લોહીમાંથી લોહીના ઘટક જુદા પાડવામાં અવે છે અને જેમ જરૂર હોય તેમ આપવામાં આવે છે. પણ બા મનુષ્યએ બધુ જ બનાવ્યુ પણ લોહી બનાવી શકતા નથી અથવા તો લોહીની જગ્યાએ ચડાવી શકાય એવું કોઈ પ્રવાહી બનાવી

**અનુસંધાન પાના નં. ૭ પર**

# એશિયામાં સૌપ્રથમ રોબોટની મદદથી હૃદયનું ઓપરેશન કરનાર ભારતીય ડૉકટરનું નામ શું છે?

## વ્યક્તિ વિશેષ




(૧) મેડમ ભીખાઈજી કામાએ કયા સ્થળે પ્રથમવાર દેશનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો?
(અ) બ્રિટનના લંડનમાં (બ) જર્મનીના સુઅર્ટ ગાર્ડમાં
(ક) દક્ષિણ આફ્રિકાના નાતાલમાં (ડ) ફ્રાન્સના પેરીસમાં

(૨) દારા શિકોહ કયા હુલામણા નામે ઓળખાતા હતા?
(અ) લઘુ અકબર (બ) સુલતાન એ હિન્દ
(ક) લઘુ શાહજહાં (ડ) શેરે સુલતાન

(૩) નંદન મહેતાનું નામ કયા વાદ્ય સાથે જોડાયેલ છે?
(અ) ઢોલક (બ) બાંસુરી
(ક) ગિતાર (ડ) તબલાં

(૪) રાજયસભા માટે નિયુક્ત થનાર પ્રથમ ભારતીય અભિનેત્રી કોણ છે?
(અ) સાધના (બ) નીતુસીંગ
(ક) નરગિસ દત્ત (ડ) મીનાકુમારી

(૫) 'ગદાધર' કયા મહાનુભાવનું નામ હતું?
(અ) વિવેકાનંદ (બ) સહજાનંદ સ્વામી
(ક) રામકૃષ્ણ પરમહંસ (ડ) દયાનંદ સરસ્વતી

(૬) દિલ્હી મેટ્રોરેલના પ્રવર્તક કોણ છે?
(અ) ઈ. શ્રીધરન (બ) ઈ. રાધાકૃષ્ણન
(ક) પંચાનન મહેશ્વરી (ડ) ડૉ. સી.એમ. મોદી

(૭) ઈન્ડિયન ટેલિકોન ક્ષેત્રે ક્રાંતિ લાવનાર સામ પિત્રોડાનું મૂળ નામ શું છે?
(અ) દેવનારાયણ (બ) સત્યનારાયણ
(ક) વિશ્વનાથન (ડ) કૈલાસનાથ

(૮) એશિયામાં સૌ પ્રથમ રોબોટની મદદથી હૃદયનું ઓપરેશન કરનાર ભારતીય ડૉકટરનું નામ શું છે?
(અ) ડૉ. એમ.સી. મોદી (બ) ડૉ. પંકજ દેસાઈ
(ક) ડૉ. ટેસી થોમસ (ડ) ડૉ. નરેશ ત્રેહન

(૯) કઈ મહિલા વૈજ્ઞાનિક ભારતની મિસાઈલપુત્રી તરીકે ઓળખાય છે?
(અ) ડૉ. ટેસી થોમસ (બ) કલ્પના ચાવલા
(ક) રંજના દત્ત (ડ) કરિશ્મા નારાયણન

(૧૦) ભારતે જીતેલ પ્રથમ વિશ્વકપ ક્રિકેટ મેચમાં મેન ઓફ ધ મેચનો એવોર્ડ કોને ફાળે ગયો હતો?
(અ) સુનિલ ગાવસ્કર (બ) કપિલ દેવ
(ક) મોહિન્દર અમરનાથ (ડ) દિલીપ વેંસરકર

(૧૧) વેદ મંદિરોના સ્થાપક સ્વામી ગંગેશ્વરાનંદજીનું મૂળનામ શું હતું?
(અ) ગુરુદત્ત (બ) રામાનંદ
(ક) દીનાનાથ (ડ) ચંદ્રશેખર

(૧૨) આનંદવનની સ્થાપના કોણે કરી હતી?
(અ) સુંદરલાલ બહુગુણાએ (બ) બાબા આમ્ટે
(ક) મેધા પાટકરે (ડ) અન્ના હજારેએ

(૧૩) પુટપર્થી કયા મહાનુભાવનું કાર્યક્ષેત્ર ગણાય છે?
(અ) શ્રી શ્રી રવિશંકર (બ) બાબા રામદેવ
(ક) સત્ય સાંઈબાબા (ડ) નિર્મલ બાબા

(૧૪) બિહાર કેસરી કોનું ઉપનામ છે?
(અ) ડૉ. શ્રીકૃષ્ણ સિંહ (બ) જયપ્રકાશ નારાયણ
(ક) રામમનોહર લોહિયા (ડ) જગજીવન બાબુ

(૧૫) ઓરવિલે આશ્રમ સાથે કયા મહાનુભાવનું નામ જોડાયેલ છે?
(અ) સ્વામી રામદાસ (બ) અરવિંદ ઘોષ
(ક) વિનોબા ભાવે (ડ) કાકાસાહેબ કાલેલકર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૨ એપ્રિલ ૧૮૯૧ — સર હોરાલ્ડ જેફરેચ : ઈંગ્લીશ એસ્ટ્રોનોમર તથા ગણિતશાસ્ત્રી, સૂર્યમંડળના બ્રાહ્મગ્રણોનું મોડેલ તૈયાર કરનાર
- ૨૨ એપ્રિલ ૧૮૮૭ — હરાલ્ડ ઓગસ્ઠ બોહર : ડેશીન ગણિતશાસ્ત્રી, પીરીઓડીક ફન્કશન થિયરી પર કામ કરનાર
- ૨૩ એપ્રિલ ૧૮૫૬ — ગ્રેનવીલે ટી. વુડ્સ : અમેરીકન સંશોધક, બ્લેક એડીશન નામથી જાણીતા હતા. અમેરિકામાં વુડ ઈલેક્ટ્રીકલ કંપની સ્થાપનાર
- ૨૩ એપ્રિલ ૧૮૫૩ — એલ્ફોન્સન બેર્ટીલન : ફ્રેન્ચ ક્રીમીનોલોજીસ્ટ, એન્થ્રોમોનોમી નામની ઓળખ પદ્ધતિ વિકસાવનાર
- ૨૪ એપ્રિલ ૧૮૧૭ — એન્થ્રોની ટ્રોપોલે : ઈંગ્લીશ નોવેલીસ્ટ, બ્રિટનમાં રોડ ઉપર મુકવામાં આવેલ ટપાલબોક્ષ બનાવનાર
- ૨૪ એપ્રિલ ૧૭૪૩ — એડમૂન્ડ કાર્ટરાઈટ : ઈંગ્લીશ ઈન્વેન્ટર, વીવીંગ (વણાટ) મશીન બનાવનાર જેનાથી ઔદ્યોગિક ક્રાંતિ આવી.
- ૨૫ એપ્રિલ ૧૮૯૭ — જ્હોન ચીપમાન : અમેરીકન ભૌતિક રસાયણશાસ્ત્રી. સ્ટીલ બનાવવામાં ઓક્સિજનની ભૂમિકા પર સંસોધન કરનાર
- ૨૫ એપ્રિલ ૧૮૯૬ — પાવેલ સેર્ગીવીચ અલેસ્કોન્ડ્રોવ : સોવિયેટ ગણીતશાસ્ત્રી, ટ્રોપોલોજીના બેઝીક કોન્સેપ્ટ આપનાર
- ૨૬ એપ્રિલ ૧૮૭૭ — સર ઓલીયોટ્ટ વર્ડોન રોસ : ઈંગ્લીશ વિમાનશાસ્ત્રી. બ્રિટનમાં પ્રથમ વિમાન બનાવી જાતે ઉડાડનાર વૈજ્ઞાનિક
- ૨૬ એપ્રિલ ૧૮૩૬ — અર્મીન એડેલે સ્મીથ : અમેરીકન એન્ટ્રોપોલોજીસ્ટ, આ ફિલ્ડમાં કામ કરનાર પ્રથમ મહિલા વૈજ્ઞાનિક હતા.
- ૨૭ એપ્રિલ ૧૯૦૩ — હેન્સ વેલ્ડર કોસ્ટલાઈઝ : જર્મનીમાં જન્મેલા બ્રિટીશ ફાર્માકોલોજીસ્ટ, એબર્ડીન યુનિ.ના હેડ તરીકે સેવા આપી
- ૨૭ એપ્રિલ ૧૮૯૬ — વોલાસ હૂમ કેરોથર્સ : અમેરીકન કેમિસ્ટ, ૧૯૩૫માં નાયલોન બનાવનાર, સિન્થેટીક પોલીમર ફાઈબર વિકસાવનાર
- ૨૮ એપ્રિલ ૧૯૦૬ — બાર્ટ જે બોક : ડચ અમેરીકન એસ્ટ્રોનોમર નેબ્યુલામાં ઘટ્ટ વાયુમાં ડાર્ક કલર વિશે
- ૨૮ એપ્રિલ ૧૯૦૧ — જયોર્જ ડબલ્યુ ક્રેન : અમેરીકન સાયકોલોજીસ્ટ, તબીબ તથા ન્યૂઝપેપર કોલમીસ્ટ હતા.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : કેરલના કયા મંદિરમાં તાજેતરમાં આતશબાજીમાં ૧૦૦ કરતાં વધુ લોકોના મોત થયા હતા?**

**જવાબ : પુટ્ટિંગલ મંદિર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

**(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૪) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : સે-૬ (૫) ધીરુભાઈ કોબાવાલા : કોબા**

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતના કયા ખ્યાતનામ લોકસાહિત્યકારને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) ક (૫) ક (૬) અ (૭) બ (૮) ડ (૯) અ (૧૦) ક (૧૧) ડ (૧૨) બ (૧૩) ક (૧૪) અ (૧૫) બ

# જનકલ્યાણના દિવસનો મહિમા



ચૈત્ર સુદ તેરસ ભગવાન મહાવીર સ્વામીની જન્મ જયંતી છે. એમના જન્મકલ્યાણનો દિન છે. આ દિવસે જગતના કલ્યાણ માટે એમણે જન્મ લીધો છે.

ઈ.સ. પૂર્વ. છઠ્ઠી સદી વિશ્વજાગરણની સદી છે. આ સદીમાં ચીનમાં લાઓત્સે અને કન્ફૂશિયસ થયા; ગ્રીસમાં ઝેનોફેસિસ અને પાયથાગોરસ થયા; ઈરાનમાં અષો જરથુસ્ત થયા અને ભારતમાં બુદ્ધ અને મહાવીર થયા.

પોતાના આચરણથી અને ઉપદેશથી સંસારના સમસ્ત જીવોને તારે છે. એમના જીવનને સાથે રસ્તે દોરે છે, એ તીર્થંકર છે. સાધુ-સાધ્વી તેમજ શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ છે. વર્તમાન ચોવીસીના અસ્તિત્વમાં લાવે છે, પોષે છે; તે તીર્થંકર ઈ.૫૯૮માં જન્મેલા છે. તે મહાવીર સ્વામી છે.

બિહારના પાટનગર વૈશાલીનું ઉપનગર ક્ષત્રિય કુંડગ્રામ અથવા વસુકુંડ પટણાથી થોડે દૂર હતું. ત્યાં ક્ષત્રિય રાજા સિદ્ધાર્થ અને રાજરાણી ત્રિશલાદેવી અથવા પ્રિયકારિણી હતાં.તેઓ ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ (ઈ. પૂર્વે ૮૧૭) ના અનુયાયી હતા.

આ નગરીમાં દેવાનંદાની કૂભમાં ભગવાન પ્રવેશ કર્યો. ગર્ભાવસ્થાનો ૮૨મો દિવસ આવ્યો. ઈન્દ્ર આ ઘટનાથી પ્રસન્ન થયા. એમણે તો આ ભગવાનની સ્તુતિ પણ કરી હતી. દેવાનંદાને તીર્થંકર કૂખમાં આવ્યા તે રાત્રે ચૌદ મહાસ્વપ્નો આવ્યાં હતા. ૮૨મા દિવસે ઈન્દ્રની સૂચનાથી વિદૂષી દેવીએ આ ગર્ભને લઈને ત્રિશલાની કૂખમાં મૂક્યો. તીર્થંકર ક્ષત્રિય હોય છે અને ત્રિશલા ક્ષત્રિય સન્નારી હતાં. ત્રિશલાના ગર્ભમાં કન્યા હતી તે લઈ ને દેવાનંદાની કૂખમાં વિદૂષીએ મૂકી દીધાં.




આ રીતે ત્રિશલાની કૂખમાં ભગવાને પ્રવેશ કર્યો ત્યારે તે રાત્રે ત્રિશલાએ આ ચૌદ મહાસ્વપ્નો જોયા : (૧) સફેદ વૃષભ (૨) શ્વેત હાથી (૩) કેસરી સિંહ (૪) દેવીલક્ષ્મી (૫) પુષ્પમાળા (૬) ચંદ્ર મંડળ (૭) સૂર્ય (૮) મહાધ્વજ (૯) કળશ (૧૦) પદ્મ સરોવર (૧૧) ક્ષીરસમુદ્ર (૧૨) વિમાન (૧૩) રત્નપૂંજ (૧૪) અગ્નિ.

ચૈત્ર સુદ તેરસની મધ્યરાત્રીએ પુત્રનો જન્મ થયો. ત્રિશલાના ગર્ભમાં એમણે પ્રવેશ કર્યો હતો, ત્યારથી કુટુંબ અને રાજયનાં યશમાં અને રિદ્ધિ-સિદ્ધિમાં વધારો થતો ગયો, એટલે જાતકપુત્રનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. એમનું ગોત્ર કશ્યપ હતું. કુળ જ્ઞાત, અથવા નાથ હતું. આથી જ્ઞાતપુત્ર અથવા નાતપત્ર કહેવાયા. આ દિવસે વાર સોમવાર હતો. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની હતું. જન્મ મકર લગ્નમાં હતો. જન્મ સમયે સાત ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા, આમ હોય ત્યારે જાતક તીર્થંકર જ હોય. આ ઉચ્ચ સાનીય ગ્રહો આ પ્રમાણે છે - સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ. એમનો વંશ ઈશ્વાકુ હતો. વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ અથવા આદિનાથ અથવા આદિશ્વરે લોકોને શેરડી (ઈક્ષુ) ઉગાડતાં શીખવ્યું. તેથી તેમનો વંશ ઈક્ષ્વાકુ તરીકે ઓળખાયો હતો.જન્મ પછી પાંચ મહિલાઓ તેમના ઉછેરની કાળજી લેતી હતી.

જન્મ પછીના બાળપણથી વર્ધમાન મહાવીર તરીકે ઓળખાવા લાગ્યા અને આ નામ જ જાણીતું થવા લાગ્યું. એનાં કારણો હતા : (૧) તેઓ બાળમિત્રો સાથે રમતા હતા ત્યારે ભયંકર સર્પ આવ્યો. બીજા બાળકો ભયથી નાસી ગયા. વર્ધમાને દોરડાની જેમ હાથેથી પકડીને દૂર નાખી દીધો (૨) રાજાનો ઉન્મત હાથી આમતેમ દોડતો હતો. લોકો નાસભાગ કરતા હતા. વર્ધમાને એની સૂંઢ પકડી, થપથપાવી શાંત કરી દીધો. (૩) ફરી એકવાર ઉદ્યાનમાં મિત્રો સાથે ફરતા હતા. ત્યાં ભયંકર નાગ આવ્યો. મિત્રો નાસવા લાગ્યા, પરંતુ તે નાગની પાસે ગયા અને તેને વશ કરી લીધો. (૪) ત્રીસમાં વર્ષે એમણે ગૃહત્યાગ કર્યો પછી મન ઉપર સમ્યક્ વિજય મેળવવા બાર વર્ષ ઉગ્ર તપશ્ચર્યા કરી. આટલી લાંબી સાધના દરમિયાન જે કોઈ વિઘ્નો આવ્યા એને ધૈર્ય અને અડગ મનોબળથી દૂર કરી શક્યા. સર્વ પ્રકારના ભય, સંઘર્ષ અને આપત્તિ પર વીરતાપૂર્વક વિજય પ્રાપ્ત કર્યો.

વર્ધમાનનું એક નામ શ્રમણ હતું. લોકો આ નામથી પણ ઓળખતા. કારણ કે તે સૌ પ્રત્યે સમભાવ રાખે અને પોતાની તપસ્યાને કારણે બીજાને દુઃખ ન આપે.

જન્મકલ્યાણક દિને ભગવાન મહાવીરસ્વામીને ભાવવંદના.